RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 347 * Date: 07.10.2024,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




## રાજ્ય સરકારની જાહેરાત, વર્ષ ૨૦૦૫ પહેલાના કર્મીઓને મળશે OPSનો લાભ

ગાંધીનગર ખાતે સચિવાલયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય સરકારના કર્મચારીઓ માટે મોટા નિર્ણયો લેવાયા છે. કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં જગદીશ વર્મા અને બચુ ખાબડ હાજર રહ્યા. જેમાં તેમણે કેબિનેટના મહત્ત્વના નિર્ણયોની જાહેરાત કરી છે. વર્ષ ૨૦૦૫ પહેલાં ફિક્સ પગારમાં ભરતી થયેલા રાજ્ય સરકારના કર્મચારીઓને જૂની પેન્શન યોજના (જી)નો લાભ મળશે તેવી રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ૬૦,૨૫૪ કર્મચારીઓને સીધો લાભ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. આ સિવાય કર્મચારીઓને ૭માં પગારપંચનો પણ હવે લાભ મળશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, આજે (રવિવાર) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એક નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્ય સરકારના વિવિધ કર્મચારી મંડળોની રજૂઆતો સાંભળી હતી. ૬૦,૨૫૪ કર્મચારીને સીધો ફાયદો થાય તે માટે નિર્ણય લેવાયો છે. તારીખ ૦૧-૦૪-૨૦૦૫થી જેઓ નોકરી લાગ્યા હતા એમને પાંચ વર્ષનો લાભ ના મળતો હોવાનું લખ્યાં છતાં પણ આવા કર્મચારીઓની નિમણૂક થઈ હતી અને પાછળથી કાયમી થયા હતા તેમને જૂની પેન્શન યોજના (જી)નો લાભ આપવાનો નિર્ણય કર્યો છે. નિયમિત નિમણૂક થઈ ગઈ હોય કે નિમણૂક પ્રક્રિયા થઈ ગઈ હોય એને આ લાભ મળશે. આ કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળશે. તેમને ઉચક મુસાફરી ભથ્થું ૭માં પગારપંચ પ્રમાણે આપવામાં આવશે. તાત્કાલિક અસરથી સ્વીકારવામાં આવેલ મુદ્દાઓથી સરકારને ૨૦૦ કરોડ રૂપિયાનો બોજો પડશે. હવે જે બાકીના મુદ્દા બાકી રહી ગયા છે જે આગળ વધારે અભ્યાસ કરી, કમિટી બેસી ખૂબ ઝડપથી નિર્ણય લેવાની સૂચના આપવામાં આવી છે. ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આનું ભારણ કેટલું આવશે તે નક્કી નથી પણ એનો પરિપત્ર સરકાર જલ્દી કરશે.

## ૧ કરોડના એમડી ડ્રગ્સ કેસમાં આરોપીનું બેંક ખાતું અનફ્રિઝ કરવાની માંગ નકારાઇ



ત્રણેક વર્ષ પહેલાં સુરત ક્રાઈમ બ્રાંચે કુલ રૂ.૧.૦૧ કરોડની કિંમતના મેફેડ્રેન ડ્રગ્સ કેસના આરોપીના ફ્રીઝ કરવામાં આવેલા બેંક ખાતાને સીઆરપીસી-૪૫૧ મુજબ અનફ્રીઝ કરવાની માંગને એનડીપીએસ એક્ટના કેસોની ખાસ અદાલતના એડીશ્નલ સેશન્સ જજ દેવેન્દ્ર એસ.જોશીએ નકારી કાઢી છે.સુરત ક્રાઈમ બ્રાંચે વર્ષ-૨૦૨૧ દરમિયાન ગજાનંદ ટેક્સટાઈલના આરોપી સંચાલક પ્રતિક નવિનભાઈ બ્રહ્મભટ્ટ (રે.મેહુલ ચેમ્બર્સ,કતારગામ) સહિત અન્ય સહઆરોપીના કબજામાંથી કુલ રૂ.૧.૦૧ કરોડની કિંમતના ૧૦૧૧.૮૨ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપીને એનડીપીએસ એક્ટની કલમ-૮(સી),૨૨(સી) તથા ૨૯ના ભંગ બદલ ધરપકડ કરી જેલભેગા કર્યા હતા.તપાસ અધિકારીએ તપાસ દરમિયાન આરોપીએ એમડી ડ્રગ્સના કિંમતની ચુકવણી પેટીએમ મારફતે પોતાના બેંક ખાતા મારફતે કરી હોવાનું બહાર આવ્યું હતુ.જેથી એનડીપીએસ એક્ટની જોગવાઈ મુજબ તપાસ અધિકારીએ આરોપીની બેંક ખાતું પણ ફ્રીઝ કર્યું હતુ.જેથી આરોપી પ્રતિક બ્રહ્મભટ્ટે આ કેસની કાર્યવાહીનો નિર્ણય આવે ત્યાં સુધી વિલંબ થાય તેમ હોઈ સીઆરપીસી-૪૫૧ મુજબ તપાસ અધિકારીએ ફ્રીઝ કરેલા બેંક ખાતું અનફ્રીઝ કરવા માંગ કરી હતી.જેના વિરોધમાં સરકારપક્ષે એપીપી જીતેન્દ્ર પારડીવાલાએ જણાવ્યું હતું કે આરોપી વિરુધ્ધ ગંભીર ગુનાનો પ્રથમ દર્શનીય કેસ છે.આરોપીએ સંબંધિત બેંક ખાતા દ્વારા ગુનાના ટ્રાન્જેકશન કર્યા હોઈ ફ્રીઝ કરવામાં આવ્યા છે.જેથી આરોપીના બેંક ખાતાના અનફ્રીઝ કરવામાં આવે તો ફરીથી આ પ્રકારના ગુના આચરે તેવી સંભાવના છે.વધુમાં એનડીપીએસ એક્ટની કલમ-૬૦ તથા ૬૮ એફને પણકોર્ટે ધ્યાને લઈને આરોપીની બેંક ખાતું અનફ્રીઝ કરવાની માંગ મંજુર કરવા ન્યાયના હિતમાં ન હોવાનો નિર્દેશ આપી નકારી કાઢી છે.

## કરોડોની છેતરપિંડી મામલે પાલડી પોલીસે કાર્યવાહી ન કરતા કોર્ટમાં અરજી




અમદાવાદ,

શહેરના પાલડી વિસ્તારમાં રહેતા યુવકને બિઝનેસ માટે ઓસ્ટ્રેલિયા મોકલીને તેની સાથે ધંધાકીય છેતરપિંડી કરવાના મામલે નોંધાયેલા કેસમાં પાલડી પોલીસે કોઇ કાર્યવાહી ન કરતા કોર્ટમાં દાદ માંગવામાં આવી છે. જેમાં કેસની તપાસ અન્ય એજન્સીને સોંપવા માટે કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે છેતરપિંડીના કેસમાં પોલીસ દ્વારા અગાઉ પણ કોઇ કાર્યવાહી ન થતા કોર્ટના હુકમ બાદ પાલડી પોલીસે ગુનો નોંધ્યો હતો. પરંતુ, કેસ અંગે કાર્યવાહી ન થતા ફરિયાદીને હવે ફરીથી કોર્ટના શરણે જવું પડ્યું છે. પાલડીના યોગેશ્વનગર સોસાયટીમાં રહેતા વિરેન્દ્ર પટેલને પ્રોજેક્ટ માટે ઓસ્ટ્રેલિયા મોકલીને તેની સાથે તેના સસરા કાંતિભાઇ પટેલ, પત્ની, સાળા સહિત ચાર વ્યક્તિઓએ ધંધાકીય છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ પાલડી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. પરંતુ, ગુનામાં ગંભીર કલમો હોવા છતાંય, પોલીસે કોઇ કાર્યવાહી ન કરતા કેસની તપાસ સીઆઇડી ક્રાઇમ કે ક્રાઇમબ્રાંચને સોંપવા માટે ડીજીપી અને પોલીસ કમિશનર સુધી રજૂઆત કરવામાં આવી હતી.જેમાં જણાવવામાં આવ્યું હતું કે બે આરોપીઓ ઓસ્ટ્રેલિયાના પીઆર ધરાવતા હોવાથી તે ધરપકડ ટાળવા નાસી જઇ શકે છે. પરંતુ, હજુ સુધી પોલીસે કોઇ સંતોષકારક કાર્યવાહી ન કરતા સમગ્ર મામલે કોર્ટમાં રજૂઆત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જ્યારે વિરેન્દ્ર પટેલે જ્યારે એક વર્ષ અગાઉ ફરિયાદ નોંધવા માટે પુરાવા સાથે અરજી કરી હતી

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 343**
વિષય: નવલી નવરાત ગરબો
શીર્ષક: શક્તિ ની ભક્તિ
પ્રકાર : પદ્ય શબ્દો: ૭૦

માનવ માત્રમાં સમર્પણને શક્તિનાં દીપક ઠર્યા છે,
માં હવે શ્રદ્ધા આસ્થાની ભક્તિની જ્યોત પ્રગટાવજે,
હેત પ્રેમ લાગણીનાં નીર ખૂટ્યાં છે ,
માં હવે સ્નેહથી સાગર સરિતા સરોવર છલકાવજે,
ધાર્મિકતામાં ને રાસ ગરબામાં વિકૃતિઓ પ્રસરી છે,
માં વિકૃતિરાક્ષસનો નાશ કરી ધાર્મિક સંસ્કૃતિ મહેકાવજે,
જગનાં રાષ્ટ્રો અહમ વેરઝેરમાં જંગની આગ જલાવે છે,
માં વૈમનસ્યને દુર કરી શાંતીની જ્યોત જલાવી નિર્દોષોને બચાવજે,
" ચંદ્ર " સૂર્ય પ્રકાશ પછી ગ્રહણનાં અંધકારમાં ઢંકાઈ છે
માં ગ્રહણનો અંધકાર દૂર કરી તેજપ્રકાશ ફેલાવજે.
?? " ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ. ) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO: 352**
વિષય :- નવલી નવરાત્રી
શીર્ષક:- મા
શબ્દ સંખ્યા:- ૯૫
પ્રકાર:- અછાંદસ

માતા મારા મનના મંદિરમાં તારો ઉજાશ છે,
જગદંબે, મા દુર્ગા, તારો એક આધાર છે.
તું બ્રહ્માણી છો, તું રુદ્રાણી છો.
તું કમલારાણી,વીણાધારિણી તું, સિંહવહિની
તું, તું મા તારામતી છો.
તું સર્વ મંગલા છો, મહામાયા કાળી છો.
તારો પાર ન પામે કોઈ,તારો મહિમા અનન્ય છે.
ભીડ પડી તને પુકારી છે તું સંકટ તારિણી,
તું ભવભય હારિણી . ભક્તોની તારિણી
અવતાર ધારિણી. ભક્તોને તાર્યા છે,
દુષ્ટોને સંહાર્યા છે.
સહુ જપે નામ તારું ને,વેદ ધરે ધ્યાન તારું.
રાત દિવસ ગાઈએ ગુણલા તારા .
મા, મને એજ વરદાન આપો.
ભવોભવ રહું,તારા ચરણોની દાસી હું.
શોભના ભટ્ટ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO:202**
વિષય:- નવલી નવરાત્રી
શીર્ષક:- "આવ્યો નવરાત્રીનો ઉત્સવ"
શબ્દ સંખ્યા:- ૬૦
પ્રકાર:- મૌલિક પદ્ય

આવ્યા માતાજીના નવલા નોરતાં,
શ્રદ્ધાથી ઉજવો તો પૂરા થાય ઓરતાં.

માન-સમ્માન આપજો દરેક સ્ત્રી શકિતને,
ગરબે ઘુમજો ભાવથી કરશો માંની ભક્તિ.

નવ દિવસ કરતાં ભક્તો માંની આરાધના,
ભક્તિ-ભાવથી થાય માતાજીની પૂજા.

માંડવી મૂકી વચ્ચે કરતાં ઘી-તેલનાં દીવા,
ફરતે રમતાં રાસને ઘૂમતાં ગરબે સૌ ભક્તો.

થાય સજાવટ દીવાને રંગબેરંગી લાઈટોથી,
ભક્તો દ્વારા કરાતી કાયમ માંની પૂજાને આરતી.
ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ).કઠલાલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG NO. 0059,**
વિષય : નવરાત્રી,
પ્રકાર :પદ્યય ગરબો,
શીર્ષક: આવો આવોને
મા રમવાને.
શબ્દો: ૧૩૦
લેખક: જયકાન્ત ઘેલાણી
★પ્યારે★
આવો આવોને મા રમવાને
આવો આવોને મા રમવાને

જામ્યોછે ભકિત કેરો રંગ,
છે સાહિત્યકારો નો સંગ

આવો આવોને મા રમવાને (૨).

આવે શેલપુત્રી-મહાગૌરી
પહોંચે છે બ્રમચારિણી.

આવો આવોને મા રમવા ને...(૨)..
આવી સખીઓ સૌ તારી
જામીછે નવરાત્રી સારી

આવો આવોને મા રમવા ને.(૨)

ખીલ્યોછે શક્તિનો રંગ ને.
ખીલ્યો છે ભક્તીનો રંગ રે

આવો આવોને મા રમવા
ને.(૨)

પ્યારે જોઈછે તારી વાટડી
આવીછે ભોળી નવદુર્ગા

આવો આવોને મા રમવા ને.....(૨)

તમે છો ભલી ભોળી માત
નવદુર્ગા ને મા અંબા સાથ

આવો આવોને મા રમવા
ને..(૨).

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO 149**
વિષય નવલી નવરાત્રી
પ્રકાર પદ્ય ગરબો
શીર્ષક પધારો મારે ઘેર
શબ્દ ૮૫

પાવાગઢના મહાકાળી પધારો મારે ઘેર,
કુમકુમ કેરા સાથિયા પૂર્યા છે મારે ચોક....પાવાગઢના

વહાલી ઓ માવડી કષ્ટ તુ હરજે મારા,
સુખનો સૂરજ તુ ઉઘાડજે જીવનમાં....પાવાગઢના

તારો સાથ જો મળે મને તો,
ભવસાગર હું પાર કરી જાઉં..... પાવાગઢના

મરજી તારી શું જાણું ના હું,
ચીંધ્યો મારગ તેં ચાલવા કાજે..... પાવાગઢના

નજરો જુએ છે રાહ તમારી,
ગોખેથી ક્યારે આવો દર્શન દેવા.... પાવાગઢના

ધીરજ આજે ખૂટી ઓ મારી માવડી,
જો ન આવે તું આતમ નીકળી જાશે.... પાવાગઢના

પલ્લવી જોષી. સરિતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.: 0141***
★વિષય: "નવલી નવરાત કે ગરબો"★
★શીર્ષક: "પરપ્રાંતમાં ગરબો ગુંજે"★
★શબ્દ સંખ્યા: ૩૫૦★

વતનથી દૂર, ગુજરાત બહાર છું. અજાણ્યો પ્રદેશ, ભિન્ન ભાષા, અલગ સંસ્કૃતિ, જુદાજ વાતાવરણ વચ્ચે રહેવાનું થયું છે. મને એમ કે, ભાષા વગેરેના પ્રશ્નો આવશે પણ એવું થયું નથી. અહીં ગુજરાતી વસ્તી/વેપારીઓ ઘણા છે તેથી જરાયે અજાણ્યું લાગતું નથી.

અહીં સ્થાયી થયેલ ગુજરાતી કુટુંબોની, મારી જાણકારી પ્રમાણે, ત્રીજી ચોથી કે વધારે પેઢી ચાલતી હશે. મોટાભાગના ગુજરાતીઓ સૌરાષ્ટ્ર/કચ્છથી છે. સૌ સ્વતંત્ર ધંધો કરે છે. ધંધામાં મુખ્યત્વે બાંધકામ, કાપડ, ફરસાણ અને જથ્થાબંધ વેપાર છે. સુધબુધ, સ્નેહસંપ અને સાહસથી વેપારવણજ કરે નહિ, તો ગુજરાતી શાનો? અહીં ઘણા એવા દાખલા છે કે, ફક્ત વીસ પચીસ વર્ષમાં આવેલ વ્યક્તિઓ, અથાક મહેનતથી ધનવાન બની ગયા છે.

ગુજરાતી ધાર્મિક હોયજ. આસો મહિનાના પ્રથમ નવ દિવસ "નવરાત્રી" હોય, ને એકપણ ગુજરાતી જ્યાં રહેતો હોય ત્યાં; તે તેને, નવલી રીતે એટલે કે, ગરબા દ્વારા ઉજવે નહિ! એમ બને કોઈ દિવસ? "મા ભગવતી" - શક્તિની ભક્તિ, પૂજાઅર્ચના કરી સુખસમૃધ્ધી માટે દિવ્યકૃપા પ્રાપ્ત કરવાનો અમૂલ્ય અવસર એટલે "નવરાત્રી - માનાં નોરતાં". આ દિવસોમાં સ્ત્રીવર્ગ સંગીતના તાલે ગરબા ગાય છે. જોકે પુરુષવર્ગ પણ હવે તો, દાંડીયારાસ અને ગરબામાં ભાગ લેતો થઈ ગયો છે.

નવરાત્રિનું નામ પડતાંજ, જો કોઈ ગુજરાતણના હાથ હિલોળે ચડે નહિ, પગ થરકે નહિ અને સમગ્ર કાયા નાચે નહિ તો તે ગુજરાતણ નથી! મનપસંદ રંગની, આભલાં-તારલિયા ટાંગેલી, રૂડાં ભરતકામ ભરેલી ચણિયાચોળી કે સાડી વગેરેમાં સજ્જ, બાલિકાથી લઈને પ્રૌઢ વયની કોઈપણ મા-બહેન-દીકરી તથા સાસલાવાળાં માજીને, ચેતનવંતાં ગરબા ગાતાં જોવાં, એક અનન્ય લહાવો છે. જાણે સાક્ષાત જગદંબા ગરબા ગાઈ રહ્યા હોય એમ લાગે. મા ભવાનીનું અસલ અદ્ભુત સ્વરૂપ કેવું હશે? એનો અણસાર આવી જાય.

અહીં, શ્રાવણ માસ પૂરો થવામાં હતો અને ઘણીબધી જગ્યાએ, "એ ઢોલીડા... માડી તારો..." - પરપ્રાંતમાં ગુજરાતી ગરબા લાઉડ સ્પીકર, ડીજેમાં ગુંજવા લાગ્યા. જાણવા મળ્યું કે નોરતાંના "ગરબા"ની તૈયારી ચાલે છે. મને એમકે ગુજરાતીઓનો રહેણાંક હશે તેથી! પણ ના; એવું નહોતું. સૌ સ્થાનિક હતા. આશ્ચર્ય તો એ થયું કે, ગણેશચતુર્થી પર્વમાં પણ ગુજરાતી ગીતો, રાસ, ગરબા સાંભળવા મળ્યા. અહિયાં શ્રાવણ માસથીજ ગુજરાતી ગરબાસંગીત પર સ્થાનિક લોકો અને બીજા પરપ્રાંતીય પણ નવરાત્રિની તૈયારી કરી રહ્યા હતા.

દેશનું કેન્દ્રબિંદુ ગણાતા "સંતરાનગરી નાગપુર" ખાતે સર્વસમુદાયમાં "ગરબા"થી અત્યારની "નવરાત્રી" ઉમળકાભેર ઉજવાઈ રહી છે. જય માતાજી...

રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO:- 174**
વિષય :- નવલી નવરાત્રી
શીર્ષક:- હે મારી માવડી રે...
શબ્દ સંખ્યા:- ૧૭૨
પ્રકાર:- પદ્ય ( ગરબો )

( રાગ :- હે એલી રાધડી રે... )

હે મારી માવડી રે,તારા મંદિરીએ આવવું સે,
તારા મંદિરીએ દુઃખ દૂર થાય અલબેલી;
તારા દર્શન મારે કરવા સે,હો માં (૨)
હો મારી માવડી રે...

તારા મંદિરીએ આવીને એક દી,
મલમલશી ચૂંદડી ચડાવું,હો માં (૨)
હે છતર ચોખાને કંકુ ચડાવી,
લીલા શ્રીફળને વધારું,હો માં (૨)
હે મારી માવડી રે,તારા...

તારા મંદિરીએ આવીને એક દી,
ગરબાનો રંગ હું રેલાવું,હો માં (૨)
હે ઢોલ શરણાઈને ખંજરીના તાલથી,
ઘેરો રે નાદ હું
આભાર - નિહારીકા રવિયા જગાવું હો માં (૨)
હે મારી માવડી રે,તારા ગરબા મારે ગાવા સે,
તારા ગરબાથી મન હરખાય અલબેલી,તારા દર્શન...

તારા મંદિરીએ આવીને એક દી,
દીવડાની જ્યોત હું જલાવું હો મા (૨)
હે ઝાલરભેરીના ઘેરા રે નાદથી,
હેતે હું આરતી ઉતારું,હો મા (૨)
હે મારી માવડી રે,તારા પૂજન મારે કરવા સે,
તારા પૂજનથી દિલ છલકાય અલબેલી,
તારા દર્શન....

તારા મંદિરીએ આવીને એક દી,
મનગમતો થાળ હું ધરાવું,હો મા (૨)
હે લાડુ પેંડાને બરફી ધરાવી,
સેવ સુગંધી ધરાવું,હો માં (૨)
હે મારી માવડી રે,તારા પરસાદ મારે લેવા સે,
તારા પરસાદથી પાપ દૂર થાય અલબેલી, તારા દર્શન...
શાંતિલાલ કાશિયાણી 'શાંતિ' ( પ્રોલ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS - 0037**
વિષય :- ગરબો
શીર્ષક :- હે જગ જનની.

હે, જગ જનની માત ભવાની,
હે, કલ્યાણી ભવ તારણહારી....
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ:

આસો માસે આવ્યાં, માના નોરતાં રે....
હૈયે હરખ નવ સમાય મોરી માત રે....

શાં... શાં...કરું સ્વાગત આજ તમારા રે....
જોઈ સ્વરૂપ આપનું નવખંડ દીપે રે...

કંકુ, ચોખા, મોતીડે સાથિયા પૂરાવ્યાં રે....
ધૂપ, દીપ, દિવડા, ફૂલોના શૃંગાર કરાવ્યાં રે..

હે,મા આપને ' હેમ ' ના હિંડોળે ઝુલાવું રે.....
નાનાં મોટાં સૌ કોઈ આપની આરાધના કરે રે...

ધરતી પુકારે, ગગન અશ્રુધારા વહાવે રે....
ભીડ પડી ભક્તો પર મા આજે ભારી રે....

ભૂલ હોય અમારી ક્ષમા કરો અંબે માત રે....
સંકટો સૌના દૂર કરો મહાકાળી માત રે.....

નવદુર્ગા માડી હવે શરણે લો છોરું ને રે....
ખમ્મા કરો અંબે દ્વાર ખોલો દયાળી રે....

કર જોડી કરીએ મા સ્તુતિ તમારી રે....
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ: ??
હેમલતા દિવેચા 'હેમ 'જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- નવલી નવરાત
શીર્ષક :- નવલા નવરાત
પ્રકાર :- ગદ્ય શબ્દ:-૧૨૧

માટીનો ગરબો, તેમાં છે છીદ્રો ને પ્રગટે ઝળહળ દીપ;
પ્રગટે માતાજીની ભક્તિ ઝળહળે સદા તવ આત્મદીપ.

આજ ગરબે ઘૂમો, જુઓ ઘૂમે છે સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો;
ઘૂમે છે નિહારિકા અને બ્રહ્માંડ આજે છે નવલા નોરતા.

આદ્યશક્તિની ભક્તિ, પ્રગટાવે અમ ચિત્તિ શક્તિ,
શિવશક્તિ જ એક અદ્વૈત જાણો સ્વ સ્વરૂપ છે નવલ નોરતા.

છે અખંડ-અનંત ત્રિપુરા સુંદરી ભવતારિણી સદા,
પ્રગટાવો હૃદયે ભક્તિ શક્તિ, જાગે પરમ જ્યોતિ છે નવલા નોરતા.

લખ ચોરાશી ફેરામાં મળ્યો આ માનવ અવતાર અમૂલ્ય,
પ્રેમ, સમર્પણ, શ્રદ્ધા, ભક્તિથી કરો સેવા છે નવલા નોરતા.

અહમ્ છોડી બાળક બની, મા અંબાને સ્મરો સદાયે,
મા કરતી સૌનું કલ્યાણ, જ્યોત સે જ્યોત પ્રગટાવો છે નવલા નોરતા.

નામ : દેવેન્દ્ર આચાર્ય

# ગીર એટલે ગીર.ગીર ને શબ્દોમાં વર્ણવવી શક્ય નથી.ગીર ની તો અનુભૂતિ જ કરવાની હોય આજે ગીર ના વિસ્તાર અને નેસો ની વાતો કરીએ

મસવાડી નામનો વેરો જે તે જંગલ માં પશુઓ ચારવા માટે લેવાતો વેરો છે.
હવે આ મસવાડી શબ્દ નો ઉદ્દભવ ક્યાંથી થયો એ બાબતે સંશોધન કરતા જાણવા મળ્યું કે ખરેખર આ વેરા નું મૂળ નામ
"માખણી" હતું.
સદીઓ પહેલા જ્યારે કોઈ ચલણ અસ્તિત્વ માં ન હતું ,ત્યારે જે તે રાજા ,વહીવટદાર દ્વારા રબારી, ભરવાડ ,ચારણ માલધારી લોકો પાસે થી જંગલ માં ચરિયાણ ના બદલે માખણ ઉઘરાવવા માં આવતું જેને માખણી કહેવાતું.
માલધારીઓ પાસે માલ રાખવા અને ચરાવવા બાબતે લેવામાં આવતી માખણ ની લેતરી એટલે માખણી.
ટૂંક માં માલધારીઓ પાસેથી પશુઓ રાખવા અને ચરાવવા બદલ લેવામાં માખણ રૂપે લેવામાં આવતો કર એટલે માખણી.
આ માખણી શબ્દ અપભ્રન્સ થઈ ને,ફેરફાર થઈ ને આ મસવાડી શબ્દ નો ઉદ્દભવ થયો.
ઈ.સ.૧૮૮૪ માં કોલો. જે.ડબલ્યુ.વોટસન,પ્રેસિડેન્ટ ,રાજસ્થાનીક કોર્ટ ,કાઠિયાવાડ દ્વારા રજૂ કરેલ રિપોર્ટ માં જૂનાગઢ રાજ્ય દ્વારા માખણી (ઘ્નક્ષ્ટિડૈહઘ્ન કી) નો કર લેવામાં આવતો હતો આ ઘ્નક્ષ્ટિડૈહઘ્ન કી (માખણી) વેરો એક વર્ષ લેખે ઘેટાં-બકરા,ગાય, બળદ, ભેંસ,ઊંટ,પારુ ના ૧/૧૬ કોરી થી લઈને ૧/૨ કોરી સુધી ના દરે વસુલ કરવામાં આવતો હતો,અને આ વેરો રબારી,ભરવાડ,ચારણો અને અન્ય માલધારીઓ દ્વારા ચુકવવામાં આવતો હતો.
આ રિપોર્ટ માં જણાવ્યા મુજબ ગીર નો વિસ્તાર ૧૨૦૦ ચો.માઈલ માં ફેલાયેલ હતો.
ગીર જંગલ નો વિસ્તાર ૧૨૦૦ ચોરસ.માઈલ હતો (જે આજે ૫૦૦ ચો. માઈલ થી પણ ઓછો થઈ ગયો છે)અને આ ગીર ના જંગલ માં અનેક (હેદ્ગીંજિ) નેસડાઓ હતા અને પશુધન ખુબજ મોટી સંખ્યામાં કાયમી રીતે રહતા હતા.
તેમજ રિપોર્ટ માં રબારી,ચારણ ના નેસ ના વસવાટ નો ઉલ્લેખ છે
ગીર સરહદ બાબત ના કેસ માં પણ ૧૮૩૫ માં પણ અમુક નેસો માં મસવાડી ઉઘરાવ્યા ના ઉલ્લેખ જોવા મળે છે.
તેમજ ઈતિહાસિક પુસ્તકો દર્શાવ્યા મુજબ છેક નવમી સદી માં ગીર ના જંગલ ના નેસોમાં રબારી,ચારણ,ભરવાડ ના રહેઠાણ ના ઉલ્લેખ જોવા મળે છે.
જેમાં રા'ગ્રહરિપુ સમય માં બાલા રબારી નો ઉલ્લેખ છે,તેમજ રા'કવાંટ(રા'મહિપાલ દેવ) ના સમય માં ગીર ના નેસડા ઓમાં માલધારીઓ ના વસવાટ નો પણ ઉલ્લેખ જોવા મળે છે
આ ગીર,બરડા ,આલેચ પ્રદેશો ના આપણે રબારી,ભરવાડ ,ચારણ મૂળ રહેવાસી છે.
ઘણા ઈતિહાસકારો આ રબારીઓ ને મૂળ બરડા,ગીર ના રહેવાસી ગણે છે.
હવે હાલ માં ગીર માં રહેલા નેસો અને અમુક જુના નેસો ની યાદી તો તમે જોઈજ જશે.
પરંતુ ૧૮ મી સદી માં આજ થી લગભગ ૧૫૦ થી ૨૦૦ વર્ષ પહેલાં ના ગીર ના નેસો ની માહિતી આપની સમક્ષ મુકું છું.
હાલ ના નેસો અને અમુક નેસો ના નામ તો બધા જાણે છે પરંતુ ૧૫૦ વર્ષ પહેલાં ના આ નેસો ના નામ મોટાભાગના એ સાંભળ્યા નહીં હોય.અને દરેક નેસ ના નામ પાછળ કંઈક કારણ પણ છે તે પણ જાણવા મળેલ છે.ખૂબ જ ફિલ્ડવર્ક ,વયોવૃદ્ધ માલધારીઓ સાથે ની મુલાકાત અને ઈતિહાસિક સંશોધન કર્યા બાદ આ માહિતી મેળવેલ છે.અને આ માહિતી બાબતે ના આધારો પણ છે.નેસો ના નામ જોઈએ
ઘોડાકેડી નેસ,વાંસાઢોળ નેસ,માત્રા નેસ,વૈરાટ નેસ,માંડાવડ નેસ,ગીદડીયો નેસ,વીરભાણ નેસ,રાજથળી નેસ,વસરાવડ નેસ,ધુડશિયો ડુંગર નેસ,ધબુદર નેસ,માલટીંબી નેસ,નાગબાઈ નો વડ નેસ,રાજથળા નાહાંનો નેસ,આંબલિયાળો નેસ,ગુંદીયાળી નેસ,રાજથળા મોહોટો નેસ,શેખ નો નેસ,લાખાવિરડા નેસ,રાયણાલો નેસ,રણશો નેસ,જમલી નેસ,વડવાળી નેસ,ઘરવડીયો નેસ,સામળીયા નેસ,વાછરવડલી નેસ,ધુલિયા નેસ,અમરપાટ નેસ,મગતીપાટ નેસ,ચમરપાટ નેસ,ખાખરા ના દાઘીયા નો નેસ,કડાયા પાણી નો નેસ,કતરા નેસ,રાહા નો ડુંગર નેસ,જુડાલા નેસ, મઘરડી નેસ,ધુસાવડ નેસ,સરનેસ, કાકસીયાળો નેસ,કડાયો નેસ,સરખડ નેસ,દાદરેચો નેસ,આંકડીયો નેસ,કાંકસલો નેસ,ભાલવડા નો નેસ,મગવડી નેસ,અમરપાડો નેસ,વડવાળા નેસ,દ્રાશરાળી નેસ,કાબરડા નો નેસ,રણસા નો નેસ,ખાંખલીયા નોનેસ,આંબાખોઈ નેસ,કોઠાધાર વિડી નેસ,ગોકલીયા નો નેસ,કાનડી નેસ,મારગવાળો નેસ,લાંબધાર નેસ,આંબલીવાળો ગાળો નેસ,વેદાવડા નેસ,ખીજડીયો નેસ,વાંસજાળીયો નેસ,દિવાસા નેસ,દાજીયા વડ નેસ,દુબળી ધાર નેસ,કોચરો ડુંગર નેસ,ચારણ વીસા નો નેસ,વાલા કાજા નો નેસ,ચારણ દેવાણ બાટી નો નેસ,ચારણ માંડણ માદેવ નો નેસ,ચારણ ડોસા ચાવા નો નેસ,ચારણ નાજા આસળિયા નો નેસ
સને ૧૮૭૫ ની સાલ નો ગીર નો નકશો ઉપલબ્ધ છે જેનો અંશતઃ ફોટો પણ મુકેલ છે,તે સમયે ગીર માં ૪૫૦ થી વધુ નેસ હતા,
અને નેસ માં રબારી,ભરવાડ ના રહેઠાણ નો ઉલ્લેખ જોવા મળે છે
ઉપરોક્ત નેસો માં એક સમયે માલધારીઓ ની જાહોજલાલી હતી ,અત્યારે આ નેસો નું અસ્તિત્વ સાવ ભૂંસાઈ જ ગયું છે.
(નોંધ- ઉપરોક્ત તમામ નેસો ના નામ પુરાવાઓ ના આધારે લીધેલ છે)



આજ રોજ સુરત લિંબાયત ખાતે ગ્રાઉન્ડ વોટર રિચાર્જ ના કામ નું ખાતમુર્હુત કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના હસ્તે કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં શહેર પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ધારાસભ્ય શ્રી સંગીતાબેન પાટીલ, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, ડેપ્યુટી મેયર શ્રી ડો.નરેન્દ્રભાઈ પાટીલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ, શાશક પક્ષના નેતાશ્રી શશીબેન ત્રિપાઠી,શહેર મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલ તેમજ પદાધિકારીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.